બિનસરકારી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓ માટે નવી ગ્રાંટ નીતી અન્વયે ઉપસ્થિત થયેલ વિવિધ મુદ્દાઓની સ્પષ્ટતાઓ.

ગુજરાત સરકાર,
શિક્ષણ વિભાગ,
ઠરાવ ક્રમાંકઃ- બમશ-૧૧૯૯-[illegible]-ગ.
સચિવાલય, ગાંધીનગર
તા. ૩૦-૧૧-૧૯૯૯.

**વંચાણમાં લીધા :-**

૧. શિ.વિ.નો તા. ૩૦-૬-૯૯નો ઠરાવ ક્રમાંકઃ-બમશ-૧૧૯૯-૭૪૧(૧)-ગ.
૨. શિ.વિ.નો તા. ૨-૭-૯૯નો ઠરાવ ક્રમાંકઃ-બમશ-૧૧૯૯-૭૪૧(૨)-ગ.
૩. શિ.વિ.નો તા. ૨-૭-૯૯નો ઠરાવ ક્રમાંકઃ-બમશ-૧૧૯૯-૭૪૧(૩)-ગ.
૪. શિ.વિ.નો તા. ૨-૭-૯૯નો ઠરાવ ક્રમાંકઃ-બમશ-૧૧૯૯-૭૪૧(૪)-ગ.
૫. શિ.વિ.નો તા.૧૩-૮-૯૯નો ઠરાવ ક્રમાંકઃ-બમશ-૧૧૯૯-૭૪૧(૬)-ગ.

**પરિપત્ર :**

બિનસરકારી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓ માટે સહાય અનુદાનની નવી ગ્રાન્ટનીતિ અને તે સંલગ્ન પગારખર્ચ, મકાનભાડું, ઈતરખર્ચ, ટ્યુશન ફી, શિક્ષણ-વહીવટી-સાથી સહાયક યોજના તથા કન્યા કેળવણી વગેરે બાબતે, ઉપર વંચાણે લીધેલ વિવિધ ઠરાવો બહાર પાડવામાં આવેલા છે. આ ઠરાવોના સંદર્ભમાં કેટલાક સંઘ-મંડળો-મહામંડળો-એ કેટલાક મુદ્દા ઉપસ્થિત કરી તે અંગે સ્પષ્ટતા કરવા સરકારશ્રીને રજુઆતો કરી હતી, ઉપસ્થિત કરવામાં આવેલ મુદ્દાઓ ઉપર સરકારે યુક્ત રીતે વિચારણા કર્યા બાદ નીચે પ્રમાણે મુદ્દાવાર સ્પષ્ટતાઓ કરેલ છે.

| | ઉપસ્થિત કરેલ મુદ્દાઓ | સંબધિત મુદ્દાની સ્પષ્ટતા |
|---|---|---|
| ૧ | જે સંસ્થાઓની ગ્રાંટ રીકવરી કરવાની બાકી છે તેની વસુલાત કેવી રીતે કરવી? તેઓને વિકલ્પ આપવા દેવો કે કેમ? | ૧. જે સંસ્થા-શાળાની ગ્રાંટની રીકવરી બાકી રહે છે તેઓએ પ્રથમ રીકવરીની રકમ ભરપાઈ કરવાની રહેશે. રીકવરીના રકમ ભરપાઈ થયા બાદ જ નવી ગ્રાંટ નીતીનો વિકલ્પ આપવા દેવામાં આવશે. |
| ૨ | મકાનભાડુ-ઈતરખર્ચના હેતુ માટે વિકલ્પનો અમલ ક્યારથી ગણવાનો રહેશે? | ૨. જે તે સંસ્થા આ માટેનો વિકલ્પ સંબધીત જિલ્લા શિક્ષણાધિકારીશ્રીને મોકલે અને જિલ્લા શિક્ષણાધિકારીશ્રી તેને મંજુરી આપી તે માસથી મકાનભાડા-ઈતરખર્ચના હેતુ માટેનો વિકલ્પ અમલી બનશે. |
| ૩ | આ ઠરાવ બહાર પડયાં છે ત્યારે સંસ્થામાં ખાલી પડેલ જગાઓ ભરવા માટે એન.ઓ.સી. લેવાની રહેશે કે કેમ? | ૩. શાળાઓએ નવાં ભરવાની થતી ખાલી જગાઓ માટે એન.ઓ.સી. લેવાનું રહેશે અને નાણા વિભાગના તા. ૯-૯-૯૮ના ઠરાવની જોગવાઈઓના સંદર્ભમાં નક્કી થયા મુજબ શૈક્ષણિક સંવર્ગની ૫૦ ટકા જેટલી ખાલી જગાઓ માટે એન.ઓ.સી. આપવામાં આવશે. |
| ૪ | શાળાઓએ અગાઉ ભરતી માટે એન.ઓ.સી.મેળવેલ હોય તો તેમને પુરા પગારની જગા પર ભરતી કરવા દેવામાં આવશે કે કેમ? | ૪. શાળાઓને અગાઉ એન.ઓ.સી.મેળવેલ હશે અને ભરતીની કાર્યવાહી (પ્રક્રિયા) ઠરાવની તારીખે જો પુરી થઈ હોય અને માત્ર ડી.ઈ.ઓએ બહાલી આપવાની બાકી હોય તો તેવી સંસ્થાને જુની નીતી પ્રમાણે પુરા પગારે શિક્ષક મુકવા દેવાશે પરંતુ તેને ત્રણના રેશીયા સામે એડજસ્ટ કરવાના રહેશે. આ સિવાય તમામ નવી નિમણૂંકો નવી નીતિ પ્રમાણે કરવાની રહેશે. |
| ૫ | ગ્રાંટ નીતિનો અમલ જુન.૧૯૯૯થી કરવાનું જણાવેલ છે તેને બદલે નાણાંકીય વર્ષ (એપ્રિલ-[illegible] | ૫. આ બાબતમાં ઠરાવનો અમલ જુન.૯૯થી કરવા અને એપ્રિલ-મે.૧૯૯૯ સુધીની બે માસની મકાન ભાડાની ગ્રાંટ જુની નીતિ પ્રમાણે મળવાપાત્ર ગણવી. |

| | |
|---|---|
| ૬ મકાનભાડું ૭૫ ટકા મુજબ મેળવવા માટે કાર્યપાલક ઈજનેરશ્રીનું પ્રમાણપત્ર લાવવુ જરુરી છે કે કેમ? તેમજ તા. ૧૬-૭-૯૨ના ઠરાવ મુજબ સંસ્થાની માલિકીના મકાનની મુળકિંમતના ૫ ટકા ભાડુ આકારવાની જોગવાઈ છે, તે યથાવત ચાલુ રહેશે કે કેમ? | ૬. સને ૧૯૯૭-૯૮ના વર્ષમાં જે ખરેખર મકાનભાડાની રકમ શાળાને ચુકવાઈ છે તે રકમ ૭૫ ટકાની મર્યાદામાં ચુકવવામાં આવે. આમ કરવાથી કાર્યપાલક ઈજનેરશ્રી પાસેથી નવેસરથી મકાનભાડાની યોગ્યતાને પ્રમાણપત્ર અથવા મૂળકિંમતના ૫ ટકાની ગણત્રી વિગેરે કરવાની રહેશે નહી. |
| ૭. કોઈ સંસ્થાનું મકાનભાડું મળવાપાત્ર ૭૫ ટકા રકમથી ઓછુ હોય તો વધારાની રકમ પરત કરવાની રહેશે કે ૬૫ ટકાના ઈતર ખર્ચ પેટે ઉપયોગમાં લઈ શકે કે કેમ? | ૭. જો ખરેખર મકાનભાડું ૭૫ ટકાની રકમથી ઓછું હોય તો બાકીની રકમ અન્ય ખર્ચ પર વાપરી શકાશે નહી. કારણ કે, ૬૫ ટકા ખર્ચમાં શાળાને જે કંઈ ખર્ચ કરવું પડે તેવી તમામ બાબતો ઈતરખર્ચની બાબતોને યાદીમાં આવરી લેવામાં આવી છે. |
| ૮ કોઈ શાળા ફી લેવાનો વિકલ્પ ધોરણવાર અથવા તો વર્ગવાર ક્રમશઃરીતે આપે એટલે કે પ્રથમ વર્ષ ધોરણ-૮, બીજા વર્ષે ધોરણે-૯ માટે અને ત્રીજા વર્ષ માટે ધોરણ-૧૦ માટે ફી લેવાનો વિકલ્પ આપવા માંગતી હોય તો તે મુજબ વિકલ્પ રાખવા દેવો કે કેમ. તે જ પ્રમાણે પ્રથમ વર્ષમાં ત્રણ વર્ગોમાંથી બે વર્ગો માટે અને પછીના વર્ષે બાકીના એક વર્ષ માટે વિકલ્પ આપવા માંગે તો તે પ્રમાણે વિકલ્પ આપી શકે કે કેમ? | ૮. હા, જે તે માધ્યમિક શાળા જે વર્ષ માટે જે વર્ગ કે વર્ગો માટે ફી લેવાનો વિકલ્પ આપવા માંગે તે મુજબ વિકલ્પ આપી શકશે. તેના બાકી રહેતા વર્ગો માટે તે વર્ષ માટે તેને જુની નીતિ પ્રમાણે ગ્રાંટ મળવાપાત્ર થશે. |

નવી ગ્રાંટનીતિના સંદર્ભમાં તમામ કાર્યવાહી હવે ઉપર મુજબની સ્પષ્ટતાઓને અનુલક્ષીને કરવા અને તેનો ચુસ્તપણે અમલ કરવા તમામ સંબંધીતોને આથી જણાવવામાં આવે છે.

ગુજરાત રાજયના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(મહેશભાઈ શાહ)
સેકશન અધિકારી
શિક્ષણ વિભાગ,
ગુજરાત સરકાર.

પ્રતિ,
૧૦. કમિશનરશ્રી,(સ્કુલ્સ) ગુજરાત રાજય, ગાંધીનગર.

× × ×

પત્રાંક:-અનદ-૧-ધ-માધ્ય-નવીગ્રાંટનીતિ-૯૯-૨૦૦૦
કમિશનરશ્રી, સ્કૂલની કચેરી, બ્લોક-૧૨, ડૉ. જી. મ. ભવન,
ગુ. રા. ગાંધીનગર.તા.૯-૧૨-૯૯.

નકલ રવાના જાણ તથા અમલ થવા સારુ.

નાયબ શિક્ષણ નિયામક વતી,
ગુ. રા., ગાંધીનગર.

પ્રતિ,
- જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, તમામ(શાળાઓને જાણ કરવા સારુ)
- સંયુકત શિક્ષણ નિયામકશ્રી (હિસાબ) સદર કચેરી
- સંયુકત શિક્ષણ નિયામકશ્રી (૧૦ વત્તા ૨) ખાસ ઘટક, વ્યવસાય તરફ..
- સંબંધિત સરકાર માન્ય સંઘો, (તમામ).

× × × ×

Scanned with CamScanner